**DATE: 30/10/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-02**

# અંકલેશ્વરમાં ટ્રાફિક અંગે જાગૃતિ લાવવા શાળાઓ માટે સેમિનાર યોજાયો



અંકલેશ્વર : ભરૂચ જિલ્લા પોલીસ અને ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન ના સંયુક્ત ઉપક્રમે અંકલેશ્વર GIDC વિસ્તારમાં ટ્રાફિક જાગૃતતા લાવવા માટે ડાયમંડ ચિલ્ડ્રન હોલ,ડી.એ. આનંદપુરા સ્પોર્ટ્સ અને કલ્ચરલ સંકુલ ખાતે એક કાર્યક્રમનું આયોજન કરાયું હતું.જેમાં 35 સ્કૂલોનાં મેનેજીંગ કમિટી ના સભ્યો, પ્રિન્સીપાલ તથા શિક્ષકો મળી આશરે 450 સભ્યોને પ્રેઝન્ટેશન બતાવી ટ્રાફિકનાં નિયમો વિગેરેથી જાગૃત કરવામાં આવી છે. .આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલા તમામ સ્કૂલોમાં પ્રિન્સિપાલને સાયબર અવેરનેસ, ટ્રાફિક અવેરનેસ તેમજ મહિલા અને બાળ સુરક્ષા બાબતે જાગૃતિ લાવવા માટેના પત્રિકા અને જરૂરી સાહિત્ય સી.ડી.માં આપવામાં આવ્યું છે

**DATE: 30/10/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### પોલીસમાં જાણ નહીં કરતાં ગુનો નોંધાયો

# વાઘપુરા ગામે ભાડુઆત અને મકાન માલિક સામે કાર્યવાહી

ભાસ્કર ન્યૂઝ | ઝઘડિયા

ઝઘડિયા તાલુકાના ઉમલ્લા દુ.વાઘપુરા વિસ્તારમાં કેટલાક મકાન માલિકોએ પોલીસ નોંધણી વિના પર પ્રાંતિય ઈસમોને મકાન ભાડે આપેલા હોવાની જાણ થતાં પોલીસે તપાસ કરતા ઉમલ્લા સ્ટેશન ફળિયામાં જતા એક મકાનમાં ચેક કરતા ત્યાં અનવર ઈસ્લામ અલી મુળ રહે.ઉત્તરપ્રદેશના તેમજ બીજા અન્યએ મકાનમાં ભાડેથી રહેતા હોવાનું જણાવ્યું હતું. અને સદર મકાનના માલિક આસિફ ઉર્ફે અલ્લારખા એહમદ શેખ રહે.ઉમલ્લાના હોવાની જાણ થતાં તેમને પુછતા તેમણે જણાવેલ કે મકાન ભાડે આપતી વખતે તેઓએ ભાડુઆત પાસે કોઇ ઓળખ પુરાવા લીધા નથી, તેમજ પોલીસમાં આ બાબતે નોંધ પણ કરાવી નથી. ઉમલ્લા પોલીસે આ બાબતે જાહેરનામાનો ભંગ થતો હોઇ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

**DATE: 30/10/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### ભરૂચ એસઓજીની ટીમે દિવાળી પહેલાં ઝુંબેશ શરૂ કરી

# ભરૂચમાં સીસીટીવી નહિ લગાડનાર જ્વેલર્સ અને હોટલ સામે કાર્યવાહી

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

દિવાળીનો તહેવાર આવી રહ્યો છે. ત્યારે તહેવારોમાં તસ્કરોની ગેંગ સક્રિય થતી હોય છે. પોલીસ દ્વારા તસ્કરોને જેર કરવા માટે નાઇટ પેટ્રોલિંગ સહિત ચેકિંગ સહિતની કામગીરી કરવામાં આવી રહી છે. જોકે, જ્વેલર્સ-હોટલ સહિતની દુકાનોમાં સંચાલકો દ્વારા સીસીટીવી લગાવવામાં આવે તે અંગેનું જાહેરનામું જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા બહાર પાડવામાં આવ્યો હોવા છતાં કેટલાંય હોટલ-દુકાનના સંચાલકો તેનું પાલન કરી રહ્યાં નથી. જેના પગલે ભરૂચ એસઓજીની ટીમે ખાસ ઝુંબેશ શરૂ કરી શહેર જિલ્લાની દુકાનોમાં ચેકિંગ કરી ત્યાં સીસીટીવી કેમેરા લાગ્યા છે નહીં તેની ખરાઈ શરૂ કરી છે. જેના ભાગરૂપે ભરૂચમાં અલગ અલગ ટીમોએ ચેકિંગ શરૂ કર્યું છે. જેમાં ઝાડેશ્વર રોડ પર આવેલાં આવિષ્કાર એપાર્ટમેન્ટમાં આવેલી હરિકૃષ્ણ જ્વેલર્સ નામની દુકાનમાં ચેકિંગ કરતાં ત્યાં સીસીટીવી કેમેરા લગાવવામાં આવ્યાં ન હોવાનું તેમજ શીતલ પેલેસ રેસ્ટોરન્ટમાં કેમેરા લાગ્યાં હોવા છતાં તે ચાલુ હાલતમાં ન હોવાનું ધ્યાનમાં આવતાં બન્નેના સંચાલકો ધાર્મિક ઘનશ્યામ ચોકસી તેમજ હસીન ગુલામ મૈયુદ્દીન સૈયદ વિરુદ્ધ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે

### રેતીના કારણે અન્ય વાહનચાલકોને પરેશાની

# ઉમલ્લામાં તાડપત્રી ઢાંક્યાં વિના રેતીનું વહન કરતી બે ટ્રક જપ્ત

ભાસ્કર ન્યૂઝ | ઝઘડિયા

ઝઘડિયા તાલુકાના ભાલોદ તેમજ વેલુગામ પંથકમાંથી નર્મદાના પટમાંથી રેતી ભરીને આવતી ટ્રકો પૈકી કેટલીક ટ્રકો ઉપર તાડપત્રી ઢાંકેલી ન હોવાના કારણે નિયમોનો ભંગ થતો હોય છે. ઉમલ્લા પોલીસે બે ટ્રકચાલકો દ્વારા તાડપત્રી ઢાંકેલ ન હોવાથી તેમના વિરૂધ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. મળતી વિગતો મુજબ પોલીસ જવાનો વાહન ચેકિંગમાં હતા તે દરમિયાન પસાર થતી બે રેતીવાહક ટ્રકો પર તાડપત્રી બાંધેલ ન હોવાનું જણાતા તેમને અટકાવી હતી. અને પાછળ આવતા અન્ય વાહનચાલકોને ઉડતી રેતીથી તકલીફ થાય તેમજ અકસ્માત પણ થઇ શકે તેવી સંભાવના હોઇ પોલીસે આ બે ટ્રકોના ચાલકો કમલેશ વસાવા રહે.સારસા તા.ઝઘડિયાના તેમજ કુષ્ના પવાર હાલ રહે.સુરત વિરૂધ્ધ પોલીસ મથકમાં ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી.

**DATE: 30/10/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-10**

# પાલેજ -વરેડીઆ ખાતે તહેવારોને લઈને રેપિડ એક્સન ફોર્સ દ્વારા ફુટ પેટ્રોલિંગ હાથ ધરાયું




વરેડીઆ : ભરૂચ જિલ્લાની પાલેજ પોલીસ મથકની હદ માં આવતા પાલેજ નગર તથા વરેડીઆ ગામમાં રેપિડ એક્સન ફોર્સે દ્વારા ફુટ પેટ્રોલિંગ હાથ ધરવામાં આવ્યું હતું રેપિડએક્સન ફોર્સ ટુકડીના અધિક્ષક સુબોધ સહાય તથા સહાયક કમાન્ડર તથા ઈન્સ્પેક્ટર એસ. એસ. શેખાવતની આગેવાની હેઠળ રેપિડ એકશન ફોર્સના ૪૦ જવાનોને સાથે રાખી પાલેજ અને વરેડીઆ વિસ્તારમાં ફુટ પેટ્રોલિંગ હાથ ધરવામાં આવ્યું હતું. રેપિડએક્સન ફોર્સના જવાનોને એરીઆ ડોમિનેશન કરી ભૌગોલિક પરિસ્થિતિ તેમજ કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ વિષે માહિતગાર કરવામાં આવ્યા હતા આયોજિત ફુટ પેટ્રોલિંગ માં ભરૂચ બી ડિવિઝન પોલીસ મથકના પોલીસ સબ ઈન્સ્પેક્ટર એચ. એન. પટેલ પાલેજ પોલીસ મથકના પોલીસ કર્મીઓ પાલેજ ટ્રાફિક પોલીસ જોડાયા હતા એપિડ આકર્ષણ ફોર્સ ની ટુકડીમાં મહિલા કર્મીઓ પણ જોડાયા હતા

**DATE: 31/10/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### એસઓજીની ટીમ પાલેજમાં હતી ત્યારે ઠગને સકંજામાં આવ્યો

# નકલી સોનુ વેચવાની ફિરાકમાં ફરતાં મુંબઈના ઠગને પોલીસે ઝડપી પાડ્યો

ભાસ્કર ન્યૂઝ|ભરૂચ



ભરૂચ એસઓજીના પીઆઈ એ. એ. ચૌધરી તેમજ તેમની ટીમો શહેર-જિલ્લામાં અલગ અલગ રીતે પેટ્રોલિંગ કરી રહી હતી. દરમિયાનમાં ભરુચની ટીમના હેડ કોન્સ્ટેબલ અનિરૂદ્ધસિંહ તેમજ હેડ કોન્સ્ટેબલ નરેશને સંયુક્ત રીતે બાતમી મળી હતી કે, એક શખ્સ નકલી સોનું વેચવાની ફિરાકમાં પાલેજ ગામમાં આંટાફેરા મારી રહ્યો છે. જેના પગલે ટીમે ગામમાં ચેકિંગ કરતાં એક શખ્સ તેમના હથ્થે ચઢી ગયો હતો. તેમણે તેની તપાસ કરતાં તેની પાસેથી એક નાની થેલીમાં સોના જેવી ધાતુના મણકાની માળા મળી આવી હતી. જે બાબતે પુછતાં તેણે ગલ્લાતલ્લા કરવા લાગ્યો હતો. જોકે, બાદમાં પોલીસની પુછપરછમાં ભાંગી પડતાં તેણે જણાવ્યું હતું કે, તે મુંબઈથી નકલી સોનું લાવ્યો હતો. જે આસપાસના વિસ્તારમાં ફરી ઓછા ભાવમાં આપવાનું હોવાની લાલચ આપી વેચવાની ફિરાકમાં હતો.ઘટનાને પગલે ટીમે તેની સામે પ્રાથમિક તબક્કે સીઆરપીસી એક્ટ 41(1)ડી હેઠળ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 31/10/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

### સાંસદે દિનેશ વસાવાના ખેતરમાં રેડ પાડનાર પોલીસને સોશિયલ મીડિયામાં બિરદાવી

# મોદલીયા ગામે એલસીબીએ દરોડો પાડ્યો ખેતરમાં 5 હજારથી વધુ દારુની બોટલ મળી

ભાસ્કરન્યૂઝ | વાલિયા

દિવાળી અને નવ વર્ષને વધાવવા વાલિયા તાલુકામાં બુટલેગરો સક્રિય થઈ ગયા છે ત્યારે એલસીબીએ વાલિયા તાલુકાના મોદલીયા ગામ નજીક બદામ કંપનીમાંથી હાઈવા ડમ્પર સાથે કુલ 16.23 લાખનો મુદ્દામાલ ઝડપી પાડ્યો છે. વાલિયા પોલીસ માટે આ શરમજનક કહેવાય અને પોલીસ ઊંઘતી રહી હોય તેવું જણાય રહ્યું છે. પોલીસને જે ખેતરમાંથી દારૂનો જથ્થો મળી આવ્યો છે તે ખેતર પ્રાથમિક તબક્કે હરજી મનજી ગાંગાણીનું હોવાનું અને સુનિલ ચીમન પટેલે ગણોતે રાખ્યું હોવાનું માલુમ પડ્યું હતું. દરોડો પાડવામાં આવ્યો ત્યારે ખેતરમાં હાઈવા રસ્તાની બાજુમાં ભેખડ ઉપર ચડાવેલું મળી આવ્યું હતું જ્યારે તેની આજુબાજુમાં જોતા શેરડીના ખેતરમાં સંતાડેલ વિદેશી દારૂની 5548 બોટલ મળી આવી હતી જેની કિંમત 6.23 લાખ થવા જાય છે.

ઘટનાના પગલે સાંસદ મનસુખ વસાવાએ દિનેશ વસાવાના ખેતરમાં પોલીસે દરોડો પાડ્યો હોઈ પોલીસની હિંમતને બિરદાવતો મેસેજ સોશિયલ મીડિયા પર કર્યો હતો. જેના પગલે દારૂની હેરાફેરીમાં વાલિયા તાલુકા પંચાયતના ઉપપ્રમુખ અને પઠાર ગામે રહેતાં દિનેશ વસાવાની સંડોવણી હોવાની લોકચર્ચાએ જોર પકડ્યું હતું. જોકે, હજી પોલીસ તપાસ ચાલી રહી છે. ત્યારે તપાસમાં હવે કોના કોના નામ ખુલે છે તે જોવું રહ્યું.

**DATE: 31/10/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### હાઇવે પર આવેલી શીતલ હોટલના કંપાઉન્ડમાંથી 10મીએ ટ્રક ચોરાઇ હતી

# નબીપુર પાસેથી ચોરાયેલી ટ્રકના માત્ર એન્જિન સાથે ગોધરાના શખ્સની ધરપકડ

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

નબીપુર પાસે હાઈવે પર આવેલી શીતલ હોટલના કંપાઉન્ડમાંથી ગત 10મી ઓક્ટોબરે એક ટ્રકની ચોરી થઇ હતી. જેની તપાસ કરતાં ટ્રક પર ડ્રાઈવર તરીકે કામ કરનાર ગુરપ્રિતસિંગ :ઉર્ફે ગોપી સ્વરૂપસિંગ જાટ જ ટ્રકની ચોરી કરી ગયો હોવાનું માલુમ પડ્યું હતું.

નબીપુર પોલીસમાં ફરિયાદ નોંધાતાં પોલીસે તેના આધારે તપાસ શરૂ કરતાં ગુરપ્રીતસિંગની ધરપકડ કરી હતી. જેમાં માલુમ પડ્યું હતું કે. તેણે અને તેના સાગરિત જગદિપસિંગ ઉર્ફે દિપાસિંગ ઇન્દ્રજિતસિંગ નહાર સાથે મળી વડોદરાના ફિરોજખાન મંગલખાન ઉર્ફે સિરાજુદ્દીન પઠાણના કહેવાથી ટ્રક ચોરીને અંજામ આપ્યો હતો.ટીમે ઝડપાયેલાં જગદિપ અને ગુરપ્રિત થકી તેને ભરૂચ તરફ બોલાવી નબીપુર બ્રીજ પરથી ઝડપી પાડ્યો હતો. તેની પુછપરછમાં જણાયું હતું કે. તેણે ટ્રક વડોદરાના જ સગીર આલમ પઠાણના કહેવાથી ગોધરા ખાતે રહેતાં ફારૂક હસનને આપી હતી. ટીમે ગોધરા ખાથે ફારૂકની પુછપરછ કરતાં તેણે ટ્રક ગોધરામાં જ ટ્રક લે-વેચ અને દલાલીનો ધંધો કરતાં આસીફ અબ્દુલ અજીજ સમોલને ટ્રક આપી છે. જેથી પોલીસે પુનઃ એક ટીમ બનાવી આસીફને ઝડપી પાડી પુછપરછ શરૂ કરતાં તેણે જણાવ્યું હતું કે.ટ્રક કટિંગનું કામ કરતાં મુસાભાઈને આપી છે તેને ટ્રક દરોણીયા રોડની ખુલ્લી જગ્યા કટીંગ કરીતેનું અન્જિન તેને (આસીફને) આપ્યું છે. જેથી ટીમે તેની ધરપકડ કરી તેની પાસેથી ટ્રકનું ગેર સાથેનું એન્જિન જપ્ત કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 31/10/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### નગરના વિવિધ વિસ્તારોમાં ફરી ભૌગોલિક સ્થિતિનો તાગ મેળવ્યો, 2015માં કોમી રમખાણ થયાં હતાં

# સંવેદનશીલ હાસોટમાં અર્ધલશ્કરી દળની ફૂટ માર્ચ

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

હાસોટ માં રેપિડ એક્શન ફોર્સ દ્વારા સંવેદનશીલ એરિયામાં ફૂટ માર્ચ કરી હતી. આવનારા તહેવારોને લઈ કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે રેપિડ એક્શન ફોર્સ ટુકડી સાથે સ્થાનિક પોલીસ સાથે ફૂટ માર્ચ કર્યું હતું.

ભરૂચ જિલ્લાના હાંસોટ પોલીસ મથકની હદમાં આવતા હાંસોટ ટાઉન તેમજ હાંસોટ ગામમાં રેપિડ એક્શન ફોર્સ દ્વારા ફૂટ પેટ્રોલિંગ હાથ ધરવામાં આવ્યું હતું. આવનારા તહેવારોને લઈ કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે રેપિડ એક્શન ફોર્સના અધિક્ષક તથા સહાયક કમાન્ડરની આગેવાની હેઠળ રેપિડ એક્શન ફોર્સના 30 જવાનોને સાથે રાખી હાંસોટ વિસ્તારમાં ફૂટ પેટ્રોલિંગ હાથ ધરવામાં આવ્યું હતું.રેપિડ એક્શન ફોર્સ ના જવાનોને વિસ્તારમાં ફરી ભૌગોલિક પરિસ્થિતિ તેમજ કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ વિશે માહિતગાર કરવામાં આવ્યા હતા.ફૂટ પેટ્રોલિંગ માં હાંસોટ પોલીસ જવાનો તેમજ જીઆરડી જવાન થતા પોલીસકર્મીઓ જોડાયા હતા.



હાસોટ માં રેપિડ એક્શન ફોર્સ દ્વારા સંવેદનશીલ એરિયામાં ફૂટ માર્ચ કરી હતી.

**DATE: 31/10/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-02**

# ભરૂચની મુન્શી વિદ્યાધામ ખાતે ટ્રાફિકના નિયમો અંગે જનજાગૃત્તિ કાર્યક્રમ યોજાયો



ભરૂચ । ભરૂચ જિલ્લા પોલીસ અનેં મુન્શી વિદ્યાધામના સંયુક્ત ઉપક્રમે ટ્રાફીક અવેરનેસ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું.જેમાં એલ.આઈ.બીના પીઆઈ એમ.બી.તોમર તથા ભરૂચ જીલ્લા ટ્રાફીકના પી.એસ.આઈ. ન.આર.પાથર ની હાજરીમાં ટ્રાફિક અવેરનેસ કાર્યક્રમ યોજાયો હતો.કાર્યક્રમમાં મુન્શી આઈ.ટી.આઈ.ના આશરે 200 તાલીમાર્થીઓ અને મહોમદપુરા આઈ.ટી.આઈ.ની 50 તાલીમાર્થીઓને હાજર રહ્યા હતાં. આ પ્રસંગે મુન્શી ટ્રસ્ટના ટ્રસ્ટી ઈબ્રાહિમ સાલેહ ખાન, મુન્શી ટ્રસ્ટના ટ્રસ્ટી યુનુસ પટેલ અને કારોબારી સભ્ય સલિમ અમદાવાદી સહિતના અધિકારીઓ હાજર રહ્યા હતાં.

**DATE: 31/10/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

# દુકાન ભાડે આપનાર સામે ફરિયાદ

ભાસ્કર ન્યૂઝ | ઝઘડિયા

ઝઘડિયા તાલુકાના દધેડા ગામે પોતાની માલિકીની દુકાન ધરાવતા સલાઉદ્દિન મોહંમદ ઈસ્લામ ખાન રહે.અંકલેશ્વરનાએ તેમની દુકાન પપ્પુસીંગ વનેસીંગ રાજપુતને ભાડે આપેલ છે,અને આ બાબતે પોલીસમાં નોંધણીકરાવેલ નથી. પોલીસે આ બાબતે તપાસ કરીને સદર દુકાન માલિક વિરુધ્ધ ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી. સમગ્ર તાલુકામાં હાલ કાર્યવાહી ચાલી રહી છે.

**DATE: 31/10/2023 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-08**

કોમી એકતાનું ઉદાહરણ પૂરું પાડતું આમોદ તાલુકાનું સુડી ગામ

# સરપંચ - હિન્દુ યુવાનોનું મુસ્લિમ સેવાદળ દ્વારા જાહેર સન્માન કરાયું

## ચાર મુસ્લીમ યુવાનોના અવસાન થતાં નવરાત્રિ ઉજવણી મોકૂફ રાખી હતી

| આમોદ |

આમોદ તાલુકાના સુડી ગામના ચાર મુસ્લિમ યુવાનો પોતાની નોકરી પતાવી ઘરે આવતા હતા ત્યારે કેલોદ ગામ નજીક નવરાત્રી પહેલા થયેલ માર્ગ અકસ્માતમાં મૃત્યુ પામ્યા હતા. જેથી સમગ્ર આમોદ તાલુકો તેમજ સૂડી ગામ શોકમાં ડૂબ્યું હતું.

આ કરુણ બનાવને ધ્યાનમાં રાખી સુડી ગામના હિન્દુ સમાજના આગેવાનો દ્વારા આદ્ય શક્તિના આરાધના પર્વ એવા નવરાત્રીની ઉજવણી મોકૂફ રાખી પોતાના ગામના ચાર મુસ્લિમ યુવાનોના દુઃખમાં સહભાગી થયા હતા.અને શ્રેષ્ઠ માનવ ધર્મનું ઉદાહરણ પૂરું પાડ્યું હતું.અને કોમી એખલાસ,ભાઈચારા અને અખંડિતતા મિસાલને કાયમ રાખી હતી.જે બદલ મુસ્લિમ સેવા દળ ગુજરાત તરફથી આભારની લાગણી



સાથે સુડી ગામને સન્માન પત્ર એનાયત કરવામાં હતું.

સુડી ગામના સન્માન કાર્યક્રમ ભરૂચ જિલ્લા મુસ્લિમ સેવા દળના પદેશ અધ્યક્ષ હાજી ઈકબાલ રાણાનીઅધ્યક્ષતા માં રાખવામાં આવ્યો હતો. જેમાં આમોદ પોલીસ સબ ઈન્સ્પેકટર રાજેન્દ્રસિંહ અસવાર તથા સ્ટાફ પણ હાજર રહ્યો હતો. આમોદ પી.એસ.આઈ.દ્વારા ગામના વડીલો તથા નવ યુવાનોને ટ્રાફિકના નિયમો મુજબ વાહન ચલાવવા જણાવ્યું હતું. તેમજ મુસ્લિમ સમાજના આશાસ્પદ યુવાનોના દુઃખદ અવસાનમાં હિન્દુ સમાજ ના યુવાનો સહભાગી થઈ નવરાત્રી પર્વ મોકૂફ રાખી કોમીએખલાસ બતાવવા બદલ આભાર વ્યક્ત કર્યો હતો.

**DATE: 31/10/2023 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-10**

# અંકલેશ્વરના ખરોડ ગામ ખાતે જિલ્લા પોલીસ વડા દ્વારા લોક દરબાર કાર્યક્રમ યોજાયો

ભરૂચ જિલ્લા પોલીસ દ્વારા અંકલેશ્વરના ખરોડ ગામ ખાતે લોક દરબારનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં જિલ્લા પોલીસ વડા મયુર ચાવડા, DYSP ચિરાગ દેસાઈ, ગામના સરપંચ ફેજલ કાઝી, ડે.સરપંચ ઈમરાન લહેરી સહિતના આગેવાનો અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે ગામ આને આસપાસ સુરક્ષા તેમજ સલામતી બાબતના વિવિધ પ્રશ્નોની ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. આ પ્રસંગે જિલ્લા પોલીસ વડાએ ઉપસ્થિત નાગરિકોને પોતાની સુરક્ષા અને સલામતી માટે પોલીસ પાસે કોઈપણ ભય વિના જઈને પોતાની ફરિયાદ આપી પોલીસને સહકાર આપવા જણાવ્યું હતું.

**DATE: 31/10/2023 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-09**

# અંકલેશ્વરમાંથી ગાંજાના જથ્થા સાથે એક ઝડપાયો

| અંકલેશ્વર |

અંકલેશ્વર શહેર ના ભાટવાડ માંથી એક શખ્સની મોપેડ ની ડીકી માંથી ભરૂચ એસ.ઓ.જી પોલીસે રૂા. ૧૭.૫૦૦નો ગાંજાનો જથ્થો ઝડપી પાડી કુલ રૂ.૮૨ હજાર ઉપરાંતનો મુદ્દામાલ કબજેકર્યો છે. પોલીસ સૂત્રીય માહિતી મુજબ ભરૂચ એસઓજી ના પી આઈ એ.એ.ચૌધરી તેમની ટીમ સાથે હતાં. તે દરમ્યાન તેઓ ને અંકલેશ્વર શહેર ના ભાટવાડ વિસ્તારમાં રહેતા અબ્દુલ સત્તાર કમરૂદ્દીન શેખ ગાંજાનો જથ્થો અન્ય ને વેચાણ કરવા માટે લાવનાર હોવાની માહિતી મળી હતી જે માહિતી ના આધારે એસઓજી પોલીસે રેઈડ કરતા અબ્દુલ સત્તાર કમરૂદ્દીન શેખે પોતાની એક્સેસ મોપેડ ગાડી ની ડીકીમાં મુકેલો ગાંજા નો જથ્થો મળી આવ્યો હતો પોલીસે રૂા. ૧૭૫૦૦ નો ગાંજાનો જથ્થો અને ૬૦ હજારની મોપેડ તેમજ ૫ હજારનો મોબાઈલ મળી કુલ રૂ. ૮૨,૯૦૦ નો મુદ્દામાલ કબ્જે કરીને અબ્દુલ સત્તાર કમરૂદ્દીન શેખ ની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.

**DATE: 01/11/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### દીપોત્સવીના તહેવારો પહેલાં સ્પેશિયલ ઓપરેશન ગ્રૂપની કામગીરી

# ભરૂચ જિલ્લામાં વિવિધ પ્રકારના જાહેરનામા ભંગના 56 કેસ કરાયાં

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ શહેર - જિલ્લામાં વિવિધ પ્રકારના જાહેરનામા ભંગ અંગેની કાર્યવાહી હાથ ધરી હતી. જેના ભાગરૂપે છેલ્લાં 20 દિવસમાં જ ટીમે 56 કેસ કર્યાં હતાં.

ભરૂચ શહેર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઇ રહે તેમજ આગામી દિવસોમાં જ્યારે દિવાળીનો તહેવાર આવી રહ્યો છે ત્યારે અસામાજિક તત્વો આવા તહેવારોમાં શહેરમાં ભાડેથી મકાન-દુકાન રાખી શહેરોમાં રેકી કરી ભૌગોલિક સ્થિતિથી માહિતગાર થઇ હોઇ અનિચ્છનિય બનાવને અંજામ આપતાં હોય છે. ત્યારે આ પ્રકારની કોઇ ઘટના ભરૂચ શહેર જિલ્લામાં ન બને તે માટે અગમચેતીના ભાગરૂપે શહેર-જિલ્લામાં મકાન-દુકાન ભાડૂઆતની નોંધણી થઇ છે કે કેમ, આંગડિયા પેઢી-જ્વેલર્સની દુકાનોમાં સીસીટીવી કેમેરા લાગેલાં છે કે કેમ તે સહિતના વિવિધ પાસાઓની તપાસ કરી માત્ર 20 દિવસમાં અલગ અલગ પ્રકારના જાહેરનામા ભંગ 56 કેસ કર્યાં છે. દિવાળીના તહેવારોમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઇ રહે અને કોઇ અનિચ્છનીય બનાવ ન બને તે માટે અત્યારથી પગલાં ભરવામાં આવી રહયાં છે.

## જાહેરનામા ભંગના કેસ

- મકાન-દુકાન ભાડૂઆત નોંધણી - 32
- આંગડિયા-જ્વેલર્સમાં સીસીટીવી - 12
- ખાનગી સિક્યુ. ગાર્ડની નોંધણી - 09
- હોટલોના મુસાફરોની નોંધણી - 01
- સ્પા અંગેના જાહેરનામાનો ભંગ - 02

**DATE: 01/11/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

# રાજપારડીમાં 2 જ્વેલર્સ સામે ફરિયાદ

ઝઘડિયા । રાજપારડી બજારમાં આવેલ સોનાચાંદીની બે દુકાનોમાં તપાસ કરતા એકમાં સીસી ટીવી કેમેરા મુકેલ હોવાનું જણાયું નહતું અને બીજી દુકાનમાં કેમેરા બંધ હાલતમાં જણાયા હતા.જેથી પોલીસે બજારમાં આવેલ સોનાચાંદીની દુકાનના સંચાલક શાર્દુલ સોની વિરુધ્ધ કેમેરા નહિ ગોઠવવા બદલ ગુનો નોંધ્યો હતો. જ્યારે સોનાચાંદીની અન્ય એક દુકાનમાં તપાસ કરતા ત્યાં સીસી ટીવી કેમેરા બંધ હાલતમાં જોવા મળ્યા હતા. પોલીસે જયરામદેવ જ્વેલર્સ નામની દુકાનના સંચાલક રાજુભાઇ નેનમાલ સોની સામે પણ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 01/11/2023 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-04**

### ભરૂચ તાલુકાની શાળાના નૃત્ય શિક્ષકનું વિકૃત માનસ છતું થયું

# વિદ્યાર્થિનીના ઘરે જઈ અડપલાં કરતા શિક્ષકને જેલભેગો કરાયો

## મોબાઈલમાં અન્ય સગીર વિદ્યાર્થિનીના ફોટા પણ મળી આવ્યા હતા

। ભરૂચ ।

ભરૂચ તાલુકાની એક શાળાના નૃત્ય શિક્ષકે સગીર વિદ્યાર્થીનીને ઘરે જઈ અડપલા કરતો ઝડપાતાં પોલીસે તેની ધરપકડ કરી હતી. આ શિક્ષકના મોબાઈલમાં અન્ય સગીર વયની વિદ્યાર્થીનીના ફોટા પણ મળી આવ્યા હતા. ભરૂચ સીટી સી ડિવિઝન પોલીસે તેની સામે કાયદેસરની કાર્યવાહી કરી જેલભેગો કર્યો હતો.

ભરૂચની એક સ્કૂલનો આર્ટ અને ડાન્સ શિક્ષક ધોરણ ૫, ૬ અને ૭ માની વિધાર્થિનીઓ સાથે શારીરિક અડપલાં કરતો હોવાની અને શિક્ષણ જગતની શાખ અને છાપને બદનામ કરતી ઘટના સામે આવી છે. નૃત્ય શિક્ષક ધ્રુવિલ બાલુભાઈ પટેલ રહે. અલકનંદા સોસાયટી, ભરૂચના મોબાઈલમાંથી ધોરણ ૬થી ૮ ની છાત્રાઓના અશ્લીલ ફોટા પણ મળ્યા હતા. આ શિક્ષક ધ્રુવીલ પટેલ એક શાળામાં બાળકોને ડાન્સ અને આર્ટ્સ શીખવતો હતો.

કંપનીમાં ફરજ બજાવતા ઉચ્ચ અધિકારીની ધો.૭ માં ધોરણમાં અભ્યાસ કરતી દીકરી સાથે આ શિક્ષક જાતીય સતામણી કરતો હોવાનું માલુમ પડતા તેઓ સમસમી ઉઠ્યા હતા. એક સ્કૂલમાં આ ઉચ્ચ અધિકારીએ વાલી તરીકે ફરિયાદ કરતા સંચાલકોએ પોતાની સ્કૂલની પ્રતિષ્ઠા સાચવવા તેનું માફીનામું લખાવી આરોપીની શાળામાંથી હકાલપટ્ટી કરી દીધી હતી. વાલીએ ફરિયાદ લખાવતા અને પી. આઈ. એચ. બી. ગોહિલે તાત્કાલિક કાર્યવાહી કરતા આ વિકૃત માનસ ધરાવતો શિક્ષક જેલભેગો કરાયો હતો.

### શું માફીપત્ર લખાવી લેવાય એટલે બસ ?



લોકમુખે ચર્ચાતી બાબત મુજબ સગીર વયની વિદ્યાર્થીની સામે વક્ર અને વિકૃત નજર નાખનાર શિક્ષક પાસે શાળા સંચાલકોએ માફિનામું લખાવી લીધું હતુ, જે યોગ્ય અને પુરતું ગણી શકાય નહીં. પરંતુ એક જાગૃત વાલી તરીકે આવા સમાજ અને દીકરીઓ માટે નુકશાન કારક શિક્ષકને પાઠ ભણાવવા વાલીએ સી ડિવિઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે. જે બિરદાવવા લાયક બાબત છે.

### હાઈકોર્ટે રખડતાં પશુઓ અંગે આદેશ અપાતા દોડધામ

# ભરૂચ નગર પાલિકાના કર્મી.ઓની રાતભર ઢોર પકડવાની કામગીરી!

## ભરૂચના રસ્તાઓ ઉપર રખડતાં પશુઓનો ત્રાસ હજી યથાવત જ છે

। ભરૂચ ।

ગુજરાત હાઈકોર્ટ દ્વારા રસ્તાઓ પર રખડતા પશુઓ અંગેની સમસ્યાઓને ધ્યાનમાં રાખી કડક આદેશ અપાતા ભરૂચ પાલિકાના કર્મચારીઓ રાતભર રખડતા પશુઓને પકડવાની કામગીરીમાં લાગી ગયા છે.

ભરૂચ નગરપાલિકાના તંત્ર દ્વારા મળતી માહિતી મુજબ ગતરોજ આખીરાત કર્મચારીઓ અને પોલીસ તંત્ર દ્વારા ૩૦ કરતા વધુ પશુઓ પકડવામાં આવ્યા હતા અને પાંજરાપોળ ખાતે મોકલી આપવામાં આવ્યા હતા. ભરૂચ પાંજરાપોળના ટ્રસ્ટી બિપીન ભટ્ટ અને મહેન્દ્ર કંસારાના જણાવ્યા મુજબ પાંજરાપોળ ખાતે હાલ ૫૦૦ કરતા વધુ પશુઓ છે. તેથી પાંજરાપોળ હાઉસફુલ થઈ ગયુ છે તેમ છતાં પાલિકા દ્વારા પકડી લવાતા પશુઓ અંગે યોગ્ય કાર્યવાહી કરી રહી છે. રખડતા પશુઓ અંગે આવનાર દિવસોમાં પણ કાર્યવાહી કરવામાં આવશે. આટલી કાર્યવાહી કરી હોવા છતાં હજી પણ ભરૂચ નગરના વિવિધ રસ્તાઓ ઉપર રખડતા પશુઓનો ત્રાસ યથાવત જણાય રહ્યો છે.



**રખડતાં પશુ કચરામાંથી પ્લાસ્ટિક ખાતા જણાયાં**

ભરૂચ : ભરૂચ નગર પાલિકાની હદમાં આવેલ વિસ્તારોમાં ગંદકી અને તેથી કચરાના ઢગલા નજરે પડે છે. આવા કચરાના ઢગલામાં રખડતા પશુઓ ખોરાકમાં કેટલીકવાર પ્લાસ્ટીકનો કચરો પશુઓના ખાવામાં આવી જાય છે. હવે નગરપાલિકા તંત્ર દ્વારા આ બંન્ને અભિયાનોને સફળ બનાવવા અંગે નક્કર આયોજન કરવુ રહ્યુ એવી લોકો માંગ કરી રહ્યા છે.

પાલિકાના મુખ્ય અધિકારીએ જણાવ્યુ છે કે, શહેરી વિસ્તારમાં આવેલ માલધારી સમાજના લોકોને તાકીદ કરવામાં આવે છે કે, શહેરી વિસ્તારમાં પશુત્રાસ અટકાવ અને નિયંત્રણ અંગે સરકાર દ્વારા માર્ગદર્શિકા-૨૦૨૩ જાહેર કરવામાં આવી છે. જે અંતર્ગત શહેરી વિસ્તારમાં રખડતા ઢોરના ત્રાસને નિયંત્રણમાં રાખવા તેમજ જનતાને પડતી ગંભીર સમસ્યા દુર કરવા હાઈકોર્ટે જરૂરી સુચના આપી છે. જેના અનુસંધાને પોતાના પશુઓ રસ્તા ઉપર કે જાહેર સ્થળો ઉપર ખુલ્લા છોડી દેવા નહી. અન્યથા નગરપાલિકા અને ભરૂચ પોલીસ સ્ટાફની મદદથી રખડતા પશુઓને પકડી પશુ માલિકો સામે દંડનીય કાર્યવાહી કરવામાં આવશે.

### કાર સહિત 1 લાખનો મુદ્દામાલ જપ્ત કરાયો

# ભરણ ગામ નજીકથી દારૂ સાથે બે ખેપિયા ઝડપાયાં

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

ભરણ ગામના પારડી વગામાં મારુતિ ફ્રન્ટ કારમાં તારીયા ગામ નો અજય અને સજોદનો અમિત દારૂ લઈ આવી રહ્યા છે અને તેનું પાયલ ટીંગ ભરણનો મુકેશ વસાવા કરી રહયો હતો. એલસી બીની ટીમે પાયલ ટિંગ સાથે આવી રહેલી કારને રોકી હતી અને તલાશી લેતાં તેમાંથી દારૂની 353 બોટલ મળી હતી. . પોલીસે સ્થળ પરથી મુકેશ વસાવા અને નવા તારી યાના રાજેશ વસાવાની ધરપકડ કરી હતી જયારે અજય ટેલ રહે નવા તૈયા અને સજોદના અમિત કટાર યાને વોન્ટેડ જાહેર કર્યા હતા. પોલીસે 54.800 નોદારૂ ,30 હજાર રૂપિયા ની કાર, , બાઈક અને મોબાઈલ 1 મળી 1.09 લાખ ઉપરાં તનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. તેમજ પાનોલી પોલીસ મથકે ગુનો નોંધી વધુ તપાસ આરંભી હતી.

**DATE: 02/11/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

# ઝઘડિયામાં 2 મકાન માલિકો સામે ફરિયાદ

ઝઘડિયા । ઝઘડિયાના ગોકુલ નગર વિસ્તારમાં પ્રવિણ વ્યાસે તેનું મકાન સરવન નામના પરપ્રાંતિય ઈસમને ભાડેથી આપ્યું હતું પણ આ બાબતે પોલીસ સ્ટેશનમાં જાણ કરી ન હતી. તેવી જ રીતે ફૂલવાડીના પ્રવિણ વસાવાએ તેનું મકાન સંજય મિશ્રાને ભાડે આપ્યું હતું. ઝઘડિયા પોલીસે બંને મકાન માલિકો સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસની કાર્યવાહીના પગલે દોડધામ મચી છે.

**DATE: 03/11/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

# સાલેહપોરના સાંગરી ગામેથી 4 ખેલી ઝડપાયાં

ભાસ્કર ન્યૂઝ | જંબુસર

જંબુસર તાલુકાના સાલેહપોર સાંગરી ગામે, નવીનગરીમાં સ્ટ્રીટ લાઇટના અંજવાળે જુગાર રમી રહેલાં 4 ખેલીઓને કાવી પોલીસે ઝડપી પાડયાં છે. પીએસઆઇ વૈશાલી આહિરને મળેલી બાતમીના આધારે દરોડો પાડવામાં આવ્યો હતો. પોલીસને જોઇ જુગારીયાઓમાં નાસભાગ મચી હતી પણ ચાર જણાને ઝડપી લેવાયાં હતાં. તેમની પાસેથી 28 હજાર રોકડા કબજે લઇ કાયદેસરની કાર્યવાહી હાથ ધરાઇ છે. ભરૂચ જિલ્લામાં પોલીસ દારૂ અને જુગારના અડ્ડા પર દરોડાઓ પાડી રહી હોવાથી બુટલેગરો અને જુગારીયાઓમાં દોડધામ મચી છે.

# અંકલેશ્વરની એમટીએમ ગર્લ્સ સ્કૂલમાં અવેરનેસ પ્રોગ્રામ યોજાયો

અંકલેશ્વરઃ એચ.ટી.યુ.ના ઇનચાર્જ પોલીસ ઇન્સ્પેક્ટર ચૌધરીના સૂચના અને માર્ગદર્શન હેઠળ અંકલેશ્વર શહેર એ ડિવિઝન પોલીસ સ્ટેશનની હદમાં આવેલી એમટીએમ ગર્લ્સ સ્કૂલમાં એક અવેરનેસ પ્રોગ્રામ રાખવામાં આવ્યો હતો. જે પ્રોગ્રામમાં 350થી વધુ બાળકો હાજર રહ્યાં હતાં. તથા સ્કૂલનાં આચાર્યા ભાવનાબેન તથા નગરપાલિકાના શિક્ષણ સમિતિનાં ચેરમેન વિરલબેન, માજી ચેરમેન ક્રિજલબા ચૌહાણ, માજી તાલુકા પંચાયત ઉપપ્રમુખ હાલનાં સદસ્ય તૃપ્તિબેન જાની તથા PSI જે.પી.ચૌહાણે હાજર રહી બાળકોના અપહરણ, માનવ તસ્કરીના કેસો, બાળમજૂરી, લોભ-લાલચથી દૂર રહેવું, મા બાપને વફાદાર રહેવું, નાની ઉંમરમાં વાહન ન ચલાવવું, એકતરફી પ્રેમમાં ફસાવું નહીં, કોઈ કેફી પદાર્થનું સેવન કરવું નહીં તથા શિક્ષણ પ્રત્યે ધ્યાન આપવું, મોબાઈલ તથા ઇન્સ્ટાગ્રામથી દૂર રહેવું, સાઇબરની માહિતી આપી તથા બાળકો પોતે સજાગ રહે તેવી સમજણ આપવામાં આવી હતી.

**DATE: 04/11/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

આઠ આરોપીઓ ઝડપાયા, 3 જણા વોન્ટેડ

# દહેજમાં ભંગારના ગોડાઉનની આડમાં દારૂનો વેપલો ઝડપાયો



ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

દહેજ પોલીસ મથકના હેડ કોન્સ્ટેબલ સુનિલ ઓમકાર, કિરપાલસિંહ તેમજ કોન્સ્ટેબલ સૈતાનસિંહ પેટ્રોલિંગમાં હતાં. તે વેળાં કોન્સ્ટેબલ સૈતાનસિંહને ચોક્કસ બાતમી મળી હતી કે, સુવા ચોકડીથી માઇક્રોન કંપનીવાળી ચોકડીથી ગલેન્ડા જવાના રોડ પર આવેલાં અંકલેશ્વરના નારાયણ ભંગારીયાના ગોડાઉનમાં ભરૂચનો કુખ્યાત બુટલેગર તિલક હરીકૃષ્ણ પટેલ વિદેશીદારૂ ઉતારે છે. જેના પગલે ટીમે સ્થળ પર દરોડો પાડતાં તિલક પટેલ સહિત અજીનાથ લવટે, શ્રીપદ ભોરકર, ભરત ઉર્ફે યોગેશ ઉર્ફે ફકાટે મિસ્ત્રી, સ્વપ્નિલ ચૌહાણ, ઇમરાન શેખ, રૂષભ વસાવા તેમજ સુમિત ઓગાણિયાને ઝડપી પાડ્યાં હતાં. પ્રાથમિક પુછપરછમાં તિલક પટેલે કબુલ્યું હતું કે, તેણે અને તેના મિત્ર નયન ઉર્ફે બોબડો કિશોર કાયસ્થે દમણના કરણ તેજાજી સોલંકી પાસેથી દારૂ લઇ તે જથ્થો કસકના વિશાલ ઉર્ફે હોઠ ફાટલો ઠાકોર પરમારને આપવાના હતાં. ટીમે

## ખોટી નંબરપ્લેટ લગાવી કારમાં દારૂની હેરાફેરી

પોલીસે સ્થળપરથી ઝડપી પાડેલી એક ક્રેટા કારનો મહારાષ્ટ્ર પાર્સીંગ નંબર જોતાં તે શંકાસ્પદ જણાતાં તેના માલિક અંગે તિલકની પુછપરછ કરતાં તેણે મૌન સેવ્યું હતું. જોકે, ટીમે કારના એન્જિન-ચેચિસ નંબરથી તપાસ કરતાં તે કાર તિલકના નામે હોવાની તેમજ ભરૂચ પાર્સીંગ હોવાનું માલુમ પડ્યું હોઇ તે અંગે પણ કાર્યવાહી કરી હતી.

સ્થળ પરથી કુલ 17.80 લાખનો વિદેશીદારૂનો જથ્થો તેમજ 77 હજારના 12 મોબાઇલ, 20 હજારથી વધુની રોકડ રકમ તથા એક ક્રેટા કાર, 20 લાખનો ટેમ્પો મળી કુલ 51.76 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.


જોઇએ છે.
એકાઉન્ટન્ટ જોઇએ છે.
ફ્રેશર, બી.કોમ અને અનુભવી વ્યકિત
94267 40207

**DATE: 04/11/2023 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-02**

### કાર ,ટ્રેક્ટર નું ટ્રેલર અને બે બાઈક જપ્ત કરાઈ

# અંકલેશ્વરના જૂના કાસીયા ગામની સીમમાંથી દારૂ સાથે ૩ ઝડપાયા

## દેશીદારૂ માટે ગોળ આપનાર વેપારી વૉન્ટેડ

। અંકલેશ્વર ।

અંકલેશ્વર તાલુકા ના જુના કાસીયા ગામની સીમમાં થી અંકલેશ્વર બી ડિવિઝન પોલીસે દેશીદારૂની ભઠ્ઠી ચલાવતા ત્રણ શખ્સોને ઝડપી લીધા હતા. બી પોલીસે સ્થળ ઉપરથી દેશીદારૂ નો જથ્થો, એક ઈકો કાર, ટ્રેકટર ની ટ્રોલી બે બાઈક મળી કુલ રૂપિયા ૧૨, ૮૭,૦૦૦ ઉપરાંત નો મુદામાલ કબ્જે કરી દેશીદારૂ બનાવવામાં વપરાતા ગોળ આપનાર વેપારી ને વોન્ટેડ જાહેર કરી વધુ તપાસ હાથ ધરી છે

પોલીસ સૂત્રીય માહિતી મુજબ અંકલેશ્વર બી ડિવિઝન પોલીસ ને મળેલી માહિતી ના આધારે જુના કાસીયા ની લાલવાડી સીમમાં દેશીદારૂ ની ભઠ્ઠી ઉપર રેડ કરી હતી પોલીસે દેશીદારૂ ની ભઠ્ઠી ચલાવતા જુના કાસીયા ગામના રમેશ ઈશ્વર વસાવા ,અને નરેશ જીવણ વસાવા તેમજ નવા કાશીયા ગામના વિનોદ ગોવિંદ વસાવા ને ઝડપી લીધા હતા અને સ્થળ ઉપરથી રૂપિયા ૧૬ હજાર ૨૦૦ નો દેશીદારૂ નો જથ્થો તેમજ વોશ સહીત દેશીદારૂ ગાળવા ના સાધનો સાથે ,૪ લાખ ની ઈકો કાર અને ,૮ લાખ ની ટ્રેકટર ટ્રોલી તેમજ ૬૦ હજારની બે બાઈકો મળી કુલ રૂપિયા ૧૨ લાખ ૮૭ હજાર નો મુદ્દામાલ કબ્જે કરી અંકલેશ્વર ના પિરામણનાકા પાસે રહેતા અને ગોળ આપનાર જીગ્નેશ મોદી ને વોન્ટેડ જાહેર કરી તેઓ વિરુદ્ધ ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી છે

**DATE: 05/11/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### વાહન ચેકિંગ-વેરિફિકેશન પણ કરાશે

# તહેવારો અનુલક્ષીને પોલીસ દ્વારા નાઈટ પેટ્રોલિંગ- ચેકિંગ અભિયાન

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

આગામી તહેવારો અનુલક્ષીને પોલીસ દ્વારા નાઈટ પેટ્રોલિંગ તેમજ વિશેષ ચેકિંગ અભિયાન કરાયું હતું. ડી.વાય.એસ. પી ચિરાગ દેસાઈ ના માર્ગદર્શન હેઠળ રાત્રી ના વાહન ચેકિંગ તેમજ વેરિફિકેશન કરાયું હતું. વિવિધ ચોકડી અને પોઈન્ટ પર જીઆઈડીસી પી.આઈ. બી.એન.સગર ના નેજા હેઠળ પોલીસ દ્વારા કાર્યવાહી કરાઈ હતી.

અંકલેશ્વર જીઆઈડીસી પોલીસ દ્વારા રાત્રી દરમિયાન આગામી તહેવારો અનુલક્ષી ડી.વાય. એસ.પી. ચિરાગ દેસાઈ ની સૂચન અને માર્ગદર્શન હેઠળ પી.આઈ. બી.એન સગર અને ટીમ દ્વારા જીઆઈડીસી વિસ્તારમાં રહેણાંક તેમજ નોટીફાઈડ વિસ્તાર માં વાહન ચેકિંગ તેમજ રાત્રી ના ફરતા લોકો વેરિફિકેશન સહીત અલગ અલગ વિસ્તારમાં પોલીસ દ્વારા પોઈન્ટ બંદોબસ્ત સાથે ચેકિંગ શરુ કરાયું હતું. ફોર વ્હિલ કાર, બાઈક ચાલકના વાહનો વેરિફિકેશન સહીતની તપાસ શરુ કરી હતી.

**DATE: 05/11/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### એલસીબીએ 6 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો

# માલજીપુરા પાસે કારમાં દારૂની હેરાફેરી કરતો શખ્સ ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | ઝઘડિયા

ભરૂચ લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમ સાથે ઝઘડિયા જીઆઈડીસી વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતાં. દરમિયાન બાતમી મળેલ કે ઝોકલા ગામનો સુરેશ વસાવા તેની પાસેની ફોર વ્હિલ ગાડીમાં ઇંગ્લીશ દારૂનો જથ્થો ભરીને નેત્રંગથી વાલિયા તરફ આવનાર છે. જેના આધારે ટીમે નેત્રંગ ચોકડી ખાતે વોચ ગોઠવી હતી. દરમિયાનમાં બાતમીવાળી ફોર વ્હીલ ગાડી આવતા ગાડીનો પીછો કરીને ઝઘડિયા તાલુકાના માલજીપુરા બસ સ્ટેન્ડ નજીક રોકી ગાડીમાં તપાસ કરતા તેમાંથી કુલ 1.20 લાખની મત્તાનો વિદેશીદારૂનો જથ્થો મળી આવ્યો હતો. એલસીબીની ટીમે દારૂના આ જથ્થા સાથે સુરેશને ઝડપી લઈને સદર માલ આપનાર હર્ષદ મદન ચૌધરી રહે.અંબે ગ્રીન સોસાયટી ગોટપાડા તા.સાગબારાને વોન્ટેડ જાહેર કરીને ઝઘડિયા જીઆઈડીસી પોલીસ મથક ખાતે ગુનો નોંધાવ્યો હતો.

**DATE: 05/11/2023 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-11**

# ઝઘડિયાના દુ.વાઘપુરા ગામે જુગાર રમતા મહિલા સહિત બે ઝડપાયા

ઝઘડિયા તાલુકાના ઉમલ્લા પોલીસ મથકના પીએસઆઇ એ. એન.ચૌધરીના માર્ગદર્શન હેઠળ પોલીસ જવાનો પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન બાતમી મળેલ કે દુ. વાઘપુરાના ખડકી ફળિયામાં રહેતા ખુશ્બુબેન ચંપકભાઇ ઉર્ફે સુનીલભાઇ વસાવા પોતાના ઘરની પાછળ વાડામાં આંક ફરકના આંકડા લખી હાર જીતનો જુગાર રમાડે છે. પોલીસે બાતમી મુજબના સ્થળે જઇને રેઇડ કરતા સ્થળ ઉપર આંક-ફરકના આંકડા લખતા એક બહેન ખુશ્બુબેન ચંપકભાઇ ઉર્ફે સુનીલભાઇ વસાવા તથા આંકડા લખાવનાર ઇસમ અશોકભાઇ સુકલભાઇ વસાવા રહે.દુ.વાઘપુરા ખડકી ફળિયું તા.ઝઘડીયાના ઝડપાઇ ગયેલ. પોલીસે ઘટના સ્થળેથીકુલ રૂપિયા ૩૧,૨૪૦ નો મુદ્દામાલ કબજે લીધો હતો.

**DATE: 05/11/2023 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-12**

### ભરૂચ જિલ્લા સહિત આઠ ટોળકીઓ સક્રિય થઈ હતી

# લગ્નની લાલચ આપી વિશ્વાસઘાત કરતી ગેંગનો વૉન્ટેડ સૂત્રધાર ઝડપાયો

## વાઘપુરા ગામના આરોપીને બાતમીના આધારે પેરોલ ફર્લો સ્ક્વૉડે ઝડપી પાડ્યો

| ભરૂચ |

ભરૂચ પેરોલ ફલો પોલીસને હાલમાં ઝળહળતી સફળતા પ્રાપ્ત થઈ છે. જેમાં લગ્નની લાલચ આપી વિશ્વાસઘાત કરતી ગેંગના નાસતા ફરતા સુત્રધારને ઝડપી લેવાયો હતો.

ભરૂચ જિલ્લા તેમજ રાજયમાં છેલ્લા કેટલાક સમયથી એક ગેંગ ખુબ સક્રિય છે. આ ગેંગમા મોટા પ્રમાણમાં મહિલાઓ પણ સામેલ છે. આવી ગેંગ પહેલા માત્ર એક જ હતી પરંતુ હવે નાની મોટી મળી કુલ ૭ થી ૮ જેટલી ગેંગો રાજયમાં સકીય થઈ છે. આ ગેંગો ગુજરાત રાજયની બહારના અન્ય રાજયો સાથે પણ સંકળાયેલ છે.

લગ્ન સંબંધિત ગુનાઓ આચરતી આ પાવરધી ગેંગની એમ.ઓ. એટલે ગુનો કરવાની પધ્ધતિ જોતા તેઓ લગ્ન ઈચ્છુક યુવક અને તેમાં પણ ખાસ કરીને વિધુર હોય અથવા તો મોટી વયના વ્યકિત હોય તેમના માટે લગ્ન સંબંધ ગોઠવાઈ તે અંગે કન્યા શોધી લાવે છે. આવા ગુનાઓમાં ટોળકી દ્વારા એક ષડયંત્ર રચવામાં આવે છે જેમાં કન્યા લગ્ન સંબંધથી જોડાય કે તે સાથે જ ગણતરીના કલાકોમાં અથવા તો દિવસોમાં ઘરેણા તેમજ રોકડ નાણાં લઈને પલાયન થાય છે. કન્યા પલાયન થયા બાદ તેની શોધખોળ કરાયા પછી જે તે પુરૂષ દ્વારા પોલીસ ફરિયાદ કરવામાં આવે છે ત્યાં સુધી કન્યા કયાંને કયાં પહોંચી જાય છે. આવી એક ગેંગના મુખ્ય સુત્રધારને તાજેતરમાં પેરોલ ફલો સ્કોર્ડે ઝડપી પાડયો હતો.

આ અંગે મળતી માહિતી મુજબ ભરૂચ જિલ્લા પોલીસવડા મયુર ચાવડાની સુચના અનુસાર પેરોલ ફલોના પીએસઆઈ વી.એ.રાણાના માર્ગદર્શન હેઠળ પેરોલ ફર્લો સ્કોર્ડની ટીમના માણસોએ આ ઓપરેશન સફળતા પુર્વક પાર પાડયુ હતુ. જેમાં હ્યુમન ઈન્ટેલીજન્સ દ્વારા બાતમી મળી હતી કે, વાલીયા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ ગુનામાં સંડોવાયેલ અને નાસતો ફરતો આરોપી કિરણ ઉર્ફે ગમો રામજીભાઈ વસાવા, મુળ.રહે.તાડ ફળીયુ, ચંદ્રવાણ, તા.નેત્રંગ, જિ.ભરૂચ, હાલ રહે. દુ.વાઘપુરા, કપાટ રોડ, તા.ઝઘડીયા ખાતેથી બાતમીના આધારે પેરોલ ફર્લો સ્કોડે આરોપીની અટક કરેલ છે. આ આરોપી ત્રણ વર્ષથી નાસતો ફરતો હતો. એવુ મનાય છે કે, આરોપી આ પ્રકારના ગુના કરતી ગેંગને ઓપરેટ કરતો હતો.

### સમાજમાં કન્યાની અછતનો ફાયદો ઉઠાવતી ગેંગ

હાલમાં દેશમાં અને રાજયમાં કન્યાઓની સંખ્યા પુરૂષો કરતા ખુબ ઓછી જણાય રહી છે. હાલમાં જયાં જયાં લગ્ન પસંદગી અંગેના મેળાનું આયોજન થાય છે ત્યાં ત્યાં પુરૂષ ઉમેદવારોની સંખ્યામાં મહિલા ઉમેદવારો ઓછી સંખ્યામાં હોય છે. તેમાં પણ છોકરીઓનું ભણતર વધ્યુ હોવાના પગલે તેમને યોગ્ય મુરતિયો મળી શકતો નથી તેથી સમાજમાં અપરિણિત પુરૂષોની સંખ્યા દિન-પ્રતિદિન વધી રહી છે. લાંબી જમીન હોય કે સારા એવા પૈસા હોય તેવા અપરિણિત પુરૂષોને લગ્ન સંબંધિત ગુના કરનાર ગેંગ નિશાન બનાવે છે અને પુરૂષોને જયારે પરણવાના અભરખા હોય તેનો લાભ લઈ તેમની સાથે છેતરપીંડી કરતી હોવાનું જણાય આવ્યુ છે. જો કે આવી હજી ઘણી ગેંગો ગુજરાત રાજયમાં સક્રિય છે.